॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# શ્રી “સયાજીરાવ ગાયકવાડ ત્રીજા” વણાટકલાના સંરક્ષક અને ગ્રામોત્કર્ષક તરીકે.

**Dr.Mukesh Ahir**
**Assistant Professor, History**
**Shah K.S Arts and V.M.Parekh Commerce College Kapadwanj,Kheda.**

**સારાંશ:-** પ્રસ્તુત સંશોધન લેખ સયાજીરાવ ગાયકવાડનાં જે સમાજોપયોગી કાર્યો હતા તેમાંનાં એક વણાટકલા કે જે ભારતની પ્રાચીન કલાઓ માની એક છે તેને બચાવવા માટેના કરેલા પ્રયત્નો પર લખાયો છે. જેમાં સયાજીરાવ ગાયકવાડના સમાજનાં છેવાડાના માનવીને એક સરકાર કે રાજ્ય કેવી રીતે મદદ કરી શકે છે અને તેનું શું પરિણામ આવી શકે છે તેની પણ ઝાંખી આ લેખમાં થાય છે. સયાજીરાવ ગાયકવાડે તેમના રાજ્યમાં જે બેરોજગારી અને બેકારી નિવારવા અને આર્થિક શક્તિના આભાવે જે લોકો પોતાની કુશળતાનો ઉપયોગ નથી કરી શકતા તેવા લોકોને સયાજીરાવે જે આર્થિક મદદ કરીને પગભર બનાવ્યા તેની પણ ચર્ચા પ્રસ્તુત લેખમાં કરવામાં આવી છે.

**ચાવીરૂપ શબ્દો:-** સયાજીરાવ ગાયકવાડ, વડોદરા રાજ્ય, અંત્યજોદ્ધારક પ્રવૃત્તિ,વણાટકલા.

## પ્રસ્તાવના:

સયાજીરાવ ગાયકવાડનો જન્મ ૧૧ માર્ચ ૧૮૬૩ના રોજ મહારાષ્ટ્રના કવળાના નામના ગામમાં થયો હતો અને તેમનું અવસાન ૦૬ ફેબ્રુઆરી ૧૯૩૯ ના રોજ થયું હતું. તેઓ મહારાજા ઉપરાંત એક સમાજ સુધારક તરીકે વધુ જાણીતા બન્યા છે. ગુજરાતનાં જાણીતા ઈતિહાસકાર ડૉ.મકરન્દ મહેતા નોંધે છે કે સયાજીરાવ ગાયકવાડ ‘આર્થિક રાષ્ટ્રવાદ’ ના મોટા પુરસ્કર્તા હતા. પોતાના દેશ અને રાષ્ટ્ર પ્રત્યે જો સાચો પ્રેમ હોય તો દેશમાં બનેલી ચીજોનોજ ઉપયોગ કરવો જોઇએ, જેમ કે જ્યારે ઈંગ્લેન્ડમાંથી આયાત થતું ઢગલે બંધ વિદેશી કાપડ હિન્દને પાયમાલ કરી રહ્યું હતું. ત્યારે ખાદીનો પ્રચાર કરવા મહાત્મા ગાંધીએ દેશભરમાં રેંટિયો અને ચરખો લોકપ્રિય બનાવ્યો હતો. જે જમાનામાં અંગ્રેજોએ હિંદના ગૃહ ઉદ્યોગોને તોડયા અને ઇંગ્લેન્ડમાં બનતું વિદેશી કાપડ અને વસ્તુઓની આયાતો કરીને હિન્દની

પ્રજાને નિર્ધન કરી, તે જમાનામાં સયાજીરાવે વડોદરા અને નવસારી જેવા શહેરોમાં અને તેના ગામડાઓમાં સુતરાઉ કાપડ, દિવાસળી, ઈંટ, ખાંડ, વગેરે જેવા ગૃહ ઉદ્યોગો સ્થાપીને રાજ્યને પગભર બનાવવાના પ્રયાસો કર્યા હતા.

## ઉદ્યોગોની સ્થાપના

૧૮૮૪માં તેમણે ગણદેવી અને ઓખામાં સિમેન્ટનું કારખાનું અને પેટલાદ તેમજ બીલીમોરામાં દિવાસળી બનાવવાના કારખાના સ્થાપ્યા હતા. ૧૮૯૦ માં ખાંડનું કારખાનું સ્થાપ્યું હતું. ૧૮૯૦માં સયાજીરાવે "સ્ટેટ એન્ટરપ્રાઇઝના" ભાગરૂપે વડોદરામાં સુતરાઉ કાપડની મિલ સ્થાપી હતી તેના ઉદઘાટન સમયે તેમણે કહ્યું હતું કે *"વડોદરા રાજ્યના વહેપારીઓ અને શાહૂકારો અમદાવાદનાં શેઠિયાઓની જેમ આધુનિક મિલ ઉદ્યોગ  શરૂ નથી કરતાં, અને તે કારણથી માત્ર દાખલો બેસાડવા માટે મે રાજ્યની માલીકીની આ મિલ સ્થાપી છે. જે દિવશે મારી પ્રજા માથી કોઈ સાહસિક તૈયાર થશે તે દિવસે હું તેને ઘણા સસ્તા દરે આ મિલ વેચી દઇશ"* ત્યારબાદ ૧૯૦૫માં સ્વદેશી આંદોલન વખતે હરગોવિંદદાસ દ્વારકાદાસ કોટવાળા નામના ખડાયતા વણીકે આ મિલ ખરીદી લીધી અને તેને 'મહારાજા મિલ' નામ આપીને ખાનગી એન્ટર પ્રાઇઝ શરૂ કર્યું. તેજ પ્રમાણે મહારાજાએ આપેલા પ્રોત્સાહનને લીધે ૧૯૦૭ માં બેન્ક ઓફ બરોડા ની સ્થાપના થઈ હતી. સયાજીરાવે ખેતી, વ્યાપાર, ઉદ્યોગ, અને બેંકિંગ જેવા ક્ષેત્રોનું સંકલન કરીને વડોદરા રાજ્યને એવું તો સમૃદ્ધ બનાવ્યું કે વડોદરા રાજ્ય તે સમયના રજવાડાઓ માટે રોલ મોડેલ ગણાતું. જૂના ગૃહ ઉદ્યોગને સજીવન કરવા અને આધુનિક ટેક્નોલોજીને અનુરૂપ નવા ઉદ્યોગો શરૂ કરવાના આશયથી સયાજીરાવ અને વડોદરા સાયન્સ કોલેઝના પ્રિન્સિપાલ ટી.કે.ગજ્જરે ૧૮૯૦ માં કલાભવનની (institute of technology ) સ્થાપના કરી હતી. આજની મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટીની પ્રખ્યાત ફેકલ્ટી ઓફ ટેકનૉલોજિના મૂળિયાં આ રીતે ૧૮૯૦માં નંખાયાં હતા. કલાભવનમાં મુખ્યત્વે સુથાર, લુહાર, કડિયા, વણકર, દરજી, રંગરેજ અને ઘાંચી જેવા કારીગરો ઉપરાંત ખેડૂતો દાખલ થતા હતા. તેથી વડોદરા કોલેજમાં ફિલોસોફી, ઇંગ્લિશ, લિટરેચર, પોલિટિક્સ, ઇકોનોમિક્સ, સંસ્કૃત, ગુજરાતી અને મરાઠી જેવા વિષયો ભણતા સવર્ણ હિન્દુઓ 'નવી ફૂટેલી ફાંફડી મૂછ' માં હસતાં હતા કે "કલાભવન તો મજૂરીયા કોલેજ છે માત્ર હાથપગજ હલાવવાના, બ્રેઇનનો ઉપયોગ જ નહીં. તે સમયના કલાભવનના વિદ્યાર્થીઓ શેક્સપિયર, કાલિદાસ અને ગોવર્ધનરામ ત્રિપાઠીને શું સમજે ?" તેમને અંગ્રેજી આવડે નહીં. પણ મહારાજાએ આવા વિદ્યાર્થીઓ માટે 'સયાજી જ્ઞાન મજૂષા' સીરિઝ શરૂ કરી અને સંખ્યાબંધ અંગ્રેજી પુસ્તકોનું ભાષાંતર ગુજરાતી અને મરાઠીમાં કરાવ્યુ. ગુજરાતીનો અનુવાદ કરવા તેમણે મણિલાલ નભૂભાઈ દ્વિવેદી તથા મણિશંકર રત્નજી ભટ્ટ જેવા પ્રખર વિદ્વાનોને નિમ્યા હતા. વળી તાલીમ માટે અધ્યતન વર્કશોપ સ્થાપ્યું હતું, આ રીતે કલાભવનમાં ભણીને તૈયાર થયેલા કારીગર વિદ્યાર્થીઓની સિવિલ, મિકેનિકલ, કેમિકલ, અને ઇન્ડસટ્રીયલ

ટેકનૉલોજીના વિદ્યાર્થીઓની શહેરોમાં ભારે માંગ હતી. એ જોઈને સવર્ણ વિદ્યાર્થીઓ ડઘાઈ જતાં હતા. સયાજીરાવે આ રીતે વર્ણવ્યવસ્થા સામે કુઠારાઘાત કરીને સમાજ પરીવર્તન કરવાની હિમાયત કરી હતી.[i] આ માટે સયાજી રાવે પોતાની યોજનાને કુલ ચાર મુખ્ય વિભાગોમાં વહેચી હતી.જેમાં ૧. સંશોધન અને પ્રયોગો ૨. શિક્ષણ અને પ્રદર્શન ૩. ફંડ ૪. પ્રચાર/ માર્કેટિંગ. આ બધુ કામ ડાયમંડ જયુબિલી કોટેજ ઇન્ડસ્ટ્રીજ ઇન્સ્ટીટ્યુટની સ્થાપના ૧૯૩૮ માં કરીને થયું હતું. તેના દ્વારા બાળકોને અને કારીગરોને પોતાના વ્યવસાયો માટે માર્ગદર્શન અને તાલીમ અપાતી હતી.[ii]

**વણાટકલાને ઉત્તેજન**

સયાજીરાવ ગાયકવાડના સમયમાં વણકર સમુદાયનો પરંપરાગત વ્યવસાય પતન તરફ જઇ રહ્યો હતો. મોટા ભાગે આ સમયમાં ઈંગ્લેન્ડમાં બનતું વિદેશી કાપડ ખુબજ મોટી માત્રામાં ભારતમાં આવી રહ્યું હતું. અને તેના કારણે સ્થાનીક વણાટ ઉદ્યોગ લગભગ ખતમ થઈ ગયો હતો તેમ કહી શકાય.માટે આ વ્યવસાયને ફરીથી બેઠો કરવા માટે મહારાજાએ ઘણા પ્રયત્નો કર્યા હતા. જેમાં તેમણે વિદેશી કાપડને ટક્કર આપવા માટે આધુનિક કહી શકાય તેવી પાવરલૂમોનો ઉપયોગ વધારવા માટે ગુજરાતનાં વણકરોને પ્રોત્સાહિત કર્યા હતા. તે માટે તેઓએ કો ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીને આ કામ કરવા માટે આદેશ આપ્યો હતો. જેના થકી નવી ફલાય શટલ લૂમ્સનું પ્રદર્શન સૌપ્રથમ વાર પાટણ મુકામે યોજાયું હતું. જેમાં અનેક વણકરો પ્રદર્શન નિહાળવા આવતા હતા. પ્રદર્શનમાં ફલાય શટલ લૂમ્સનું વેચાણ પણ કરાતું જેમાં રાજ્ય તરફથી સહાય પણ રહેતી. પાટણના પ્રદર્શન પછી ત્યાના અંત્યજ વણકરોએ આ લૂમ્સ ખરીદી હતી તેવું ૧૯૧૨ના બરોડા એડમિનીસ્ટ્રેશન રિપોર્ટ પરથી જાણી શકાય છે.[iii] પાટણમાં તે સમયે વણકરોની ઘણી મોટી વસ્તી હતી અને તેઓ ઘણા લાંબા સમયથી વણાટ ઉદ્યોગ સાથે સંકળાયેલા હતા. તેમજ પાટણ ગાયકવાડ સરકારના તાબામાં આવતું હતું જેથી આ સ્થળને અગ્રિમતા આપવામાં આવી હતી. પ્રદર્શનના કામ માટે ગાયકવાડ સરકાર તરફથી ૩૦ જેટલી લૂમ્સ ખરીદવામાં આવી હતી ઉપરાંત આ લૂમ્સને પ્રદર્શનમાં ચલાવવા માટે ઘણા અંત્યજ વણકરોને રાજ્ય તરફથી નોકરીમાં રખાયા હતા.[iv] આ ઉપરાંત વડોદરા રાજ્યના બીજા પ્રાંતોમાં પણ પાટણ જેવા પ્રદર્શનો યોજાયા હતા જેમાં કડી પ્રાંતમાં ધીનોજ, વડનગર છે. પરંતુ અહિયાં જોઈએ તેવી સફળતા મળી નહતી. તેનું કારણ એ હતું કે ત્યાં ચોમાસુ નબળું રહ્યું હતું જેના કારણે કપાસનો પાક નિષ્ફળ જવાથી ત્યાનો વણાટ ઉદ્યોગ બિલકુલ ઠપ થઈ ગયો હતો.[v] આ સિવાય વડોદરા, પાદરા અને ડભોઇના આજુબાજુના ગામડાઓમાં આવા પ્રદર્શનો કરાયા હતા જેમાં સારી સફળતા મળી હતી. સાથેજ દક્ષિણ ગુજરામાં નવસારીમાં પણ આ કામ સારું ચાલતું હતું જેમાં ૬૫ જેટલી લૂમ્સ શરૂ કરવામાં આવી હતી. પ્રદર્શન ઘણા લાંબા સમય માટેનું રખાતું અને તેમાં વણકરોને આ નવી શટલ લૂમ્સ ચલાવવાની તાલીમ પણ અપાતી હતી.[vi] મહારાજાએ વણાટને ઉત્તેજન આપવા માટે અને આવા પ્રદર્શનો ગોઠવવા

માટે એક અલાયદો વિભાગ બનાવ્યો હતો. તેના સંચાલન માટે તેમાં એક સહાયક, ત્રણ પ્રદર્શનકર્તા, અને ત્રણ વણકર કારીગરોને રોક્યા હતા. જેઓ અલગ અલગ જગ્યાઓએ પ્રદર્શનો ગોઠવીને તેમાં વણકરોને તાલીમ આપવાનું કામ કરતાં હતા. સાથે તેઓ મરામતનું કામ પણ કરી લેતા હતા. સરકારે મુખ્ય ત્રણ પ્રાંતોમાં આવા પ્રદર્શનો ગોઠવ્યા હતા જેમાં વડોદરા, કડી અને નવસારી હતા. કડીમાં કાર્યરત પ્રદર્શન વડનગર, વિસનગર, વાલમ, સંદેર અને કન્થ્રાવી મુકામે ચાલતું કામ સંભાળતા હતા. તેવી રીતે વડોદરાનો જે સ્ટાફ હતો તેઓ વડોદરા, પેટલાદ, પિજ અને પાદરા તાલુકામાં કામ સંભાળતા હતા. તેવીજ રીતે નવસારી પ્રાંતમાં ગણદેવી અને નવસારીના ગામોમાં કામ કરતા હતા. આ સર્વે જગ્યાઓમાં કડી અને વડોદરાનું કામ ઘણું સારૂં ચાલતું હતું જેમાં ઘણા વણકરો જોડાયા હતા.[vii] જ્યાં ૫૦ થી વધુ લૂમ્સ ચાલતી થઈ હતી, જ્યારે વડોદરામાં હેન્ડ વારપિંગ મશીન ચાલતું હતું જે ઘણું સફળ નિવડ્યું હતું. બધી મેળવીને ૧૯૧૪ માં કુલ ૭૫ જેટલી આધુનિક લૂમ્સ ગાયકવાડ સરકારમાં ચાલતી હતી. દક્ષિણ ગુજરાતમાં નવસારીના વણકરો તેમની જૂની હાથસાળો વાપરતા જે ૧૫ જેટલી હતી, અને 0૩ જેટલી હેન્ડ વારપિંગ મશીનો ચાલતી હતી.[viii] ઇ.સ.૧૯૧૮ -૧૯ માં પેટલાદ તાલુકામાં એક પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું, જેમાં હાથસાળની સુધારેલી નવી પદ્ધતિની સાળો પ્રદર્શિત કરાઇ હતી. તેની સાથે વિસનગર અને કાથોરમાં પણ તે પ્રદર્શન કરાયું હતું. જેમાં ૪૧ ફલાય શટલ અને 0૪ જેટલી ઓટોમેટિક લૂમ્સ પ્રદર્શિત કરાઇ હતી. હાથસાળ ઉદ્યોગો દ્વારા ફલાય શટલનો વપરાશ વિસનગર ખાતે શરૂ કરાયો હતો. જેમાં સારી ગુણવત્તાનું કાપડ બનાવવામાં આવતું હતું. પેટલાદમાં એક હાથસાળ કારખાનું શરૂ કરાયું હતું જેમાં ઓટોમેટિક લૂમ્સનો ઉપયોગ કરાયો હતો. તેવીજ રીતે ૧૯૧૯માં કાલોલ અને વડોદરામાં પણ ઓટોમેટિક લૂમ્સની શરૂઆત થઈ હતી. આ બધા પ્રાઈવેટ કારખાના હતા અને તેઓ આખું વર્ષ કામ ચાલુ રાખતા હતા જેનાથી ઘણો સારો ફાયદો પણ તેઓને થયો હતો.[ix]

## કાપડની મિલોની સ્થાપના

સયાજીરાવ ગાયકવાડના ઉપરોક્ત પ્રયાસોના કારણે તેમના રાજયમાં કેટલીક પ્રાઈવેટ કાપડની મિલો ઇ.સ. ૧૯૧૯–૧૯૨૦ માં સ્થપાઈ હતી, જે આ મુજબ છે. ૩ કાલોલ, ૨ પેટલાદ, ૧ બીલીમોરા, ૧ વડોદરા,૧ પાટણ, ૧ દેહગામ, ૧ કડીમાં. ૧ ઉની કાપડની મિલ વડોદરામાં સ્થપાઈ હતી. ઉપરોક્ત મિલો સિલ્કનું કાપડ બનાવતી હતી સાથે દોરા પણ બનાવતી હતી.[x] આમ ૧૯૨૦–૨૧ સુધીમાં રાજયમાં ૧૧૫ ફલાય શટલ પીટ લૂમ્સ, ૭૫ ફલાય શટલ ફ્રેમ લૂમ્સ, 0૧ ગરમ ઉની કાપડ વણાટની લૂમ્સ, ૧૧ ઓટોમેટિક લૂમ્સ, 0૪ પાવર લૂમ્સ, અને ૧૩ વારપિંગ મશીન કાર્યરત થયેલા હતા. જેમાં ઘણા વણકર કારીગરો કાપડ બનાવતા હતા. ગાયકવાડ સરકાર આ માટે ઘણી મદદ કરતી હતી અને તેની માટે વિનામુલ્યે પ્રદર્શન કરતી હતી જે એક મહિના માટેનું હતું અને જો તેને વધારે આગળ ચલાવવું હોય તો તેને જવાબદારીથી સ્વીકારી ચલાવા માટે અપાતું હતું. આવી મદદના પરિણામ સ્વરૂપ રાજયમાં ૨૫

જેટલી ફેક્ટરી ચાલતી થઈ હતી, જેમાથી 03 માં ૧૦ થી વધરે લૂમ્સ ચાલતી હતી. અને બાકીનામાં ૧૦ થી ઓછી હતી. ૧૯૨૪માં ટી. પી. અડલજાને વણાટ વિભાગના સહાયક નીમવામાં આવ્યા હતા.[xi] જેમણે તે વર્ષે સારી કામગીરી દ્વારા વણાટને ઘણું પ્રોત્સાહન આપ્યું હતું. તેઓ વર્ષના લગભગ ૧૫૦ દિવસ ક્ષેત્રકાર્યમાં વિતાવતા હતા.[xii] ગાયકવાડ સરકારે તેમના આખા રાજયમાં આવા પ્રદર્શનો ગોઠવ્યા હતા અને તેનાથી જાણવા મળે છે કે મધ્ય ગુજરાતની સાથે દ્વારકા અને વેરાવળના વણકરોએ પોતાનો પરંપરાગત વ્યવસાય છોડી દીધો હતો અને સામાન્ય મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવતા હતા તેઓ માટે આ યોજના આશીર્વાદ રૂપ સાબિત થઈ હતી. સયાજીરાવે અહિયાં પણ પોતાના પ્રદર્શનો ગોઠવ્યા હતા પણ ત્યાના વાઢેર વણકરોએ તેમાં ભાગ લીધો ન હતો. એટલે ત્યાની સ્કૂલોમાં ભણતા બાળકોને તેની તાલીમ અપાઇ હતી. જેનાથી કેટલાક વાઢેર વણકરોના વિદ્યાર્થીઓ વણાટ કરવા તૈયાર થયા હતા. તે ઉપરાંત વેરાવળમાં પણ એક પ્રદર્શન યોજયું હતું જેમાં જાણવા મળ્યું કે ત્યાના વણકરો ખુબજ જુનવાણી પદ્ધતીનો ઉપયોગ કરતાં હતા, તેઓ આ પ્રદર્શન જોઈને આશ્ચર્ય ચકિત થઈ ગયા હતા. અને તેઓ આ ફલાય શટલ જોઈને ખુબ ઉત્સાહિત થઈ ગયા હતા. કેટલાક વણકરોએ પોતાના ઘરમાં આ નવી લૂમ્સનો ઉપયોગ કરવાનું ઠરાવ્યું હતું અને ખરીદી પણ હતી. તેના માટે તેઓએ એક “વણકર કો ઓપરેટિવ સોસાયટીની” સ્થાપના પણ કરી હતી. અને તેઓ આ નવી ફલાય શટલ પીટ લૂમ્સનો મહતમ ફાયદો ઉઠાવવા માગતા હતા. કેટલાક ઓખા મંડળના કલ્યાણપૂરના વણકરોએ પણ નવી લૂમ્સની માંગણી કરી હતી જેને રાજ્ય દ્વારા સંતોષવામાં આવી હતી.[xiii] ત્યારબાદ નવસારીના સુબાની માંગણીથી વડોદરામાં ચાલતા વણાટના વર્ગો બંધ કરીને તેને નવસારીમાં ચાલુ કરાયા હતા. નવસારીમાં મોટાભાગે મુસ્લિમ વણકરો હતા અને તેઓ આ લૂમ્સ જોઈને ખુબજ પ્રભાવિત થઈ ગયા હતા. ત્યાં કુલ ૨૦ લૂમ્સ ચાલુ કરાઇ હતી. જેનો ભરપૂર લાભ ત્યાંના મુસ્લિમ વણકરોએ લીધો હતો. વણાટ વિભાગ દ્વારા ઘણી નવી લૂમ્સ નો પરિચય કરાવાયો હતો અને લૂમ્સ આપનાર કોન્ટ્રાકટર દ્વારા બીજી ૮૮ લૂમ્સ ૫૦ ફલાય શટલ પીટ લૂમ્સ, ૫૦ ફલાય શટલ ફ્રેમ લૂમ્સ વધારે ખરીદાઈ હતી. મહારાણી સાહેબા તરફથી એક નવી સાળ જર્મનીથી મંગાવાઈ હતી અને તેનું પ્રદર્શન વેરાવળમાં કરવામાં આવ્યું હતું જેનો ઉપયોગ ગરમ (ઊની) કાપડ તૈયાર કરવા માટે થતો હતો.[xiv] વડોદરા રાજ્ય સરકાર વણકરોની આર્થિક સ્થિતિનો સર્વે પણ કરાવતી હતી જેના પરથી એ ખ્યાલ આવતો કે તેઓને કેવા પ્રાકારની મદદની જરૂર છે. આવો એક સર્વે ૧૯૨૯માં કરાયો હતો પણ અત્રે તે આંકડાઓ ઉપલબ્ધ થયા નથી.[xv] ઇ.સ.૧૯૨૯ના વર્ષમાં પેટલાદ, વસો, દામનગર અને વાઘોડિયાના વણકર કારીગરોની માંગણીથી ત્યાં નવા વર્ગો શરૂ કરાયા હતા અને તે અગાઉ જે સિદ્ધપુર, ઊંઝા, ગણદેવીમાં ચાલતા વર્ગો સફળતા પૂર્વક પૂર્ણ કરવામાં આવ્યા હતા. સિદ્ધપુરમાં ચાલતા, વનિતા વિશ્રામના વર્ગોમાં તેમાં ઊંઝાના વર્ગો થ્રેડ બોલ મસીન અને વણાટની તાલીમને સારો પ્રતિસાદ મળ્યો હતો. વાઘોડિયામાં હાથે કાંતેલા સુતરને વણતા શીખવાડાતું હતું, તો પેટલાદમાં સોનાના તારની કોર વાડી સાડી વણવાનું સિખવાડાતું

હતું. જ્યારે ગણદેવીના વણકરોને નવી ફેન્સી બોર્ડર વાડી સાડી વણાટનું કામ શિખાડવામાં આવતું હતું. આ વર્ગોમાં તત્કાલિન હરિફાઈને ધ્યાનમાં રાખી નવી ડિઝાઇનનો ઉપયોગ કરવામાં આવતો હતો. જેથી આકામ આગળ ટકી શકે. આ વર્ષમાં દેહગામ તાલુકાનાં બાહીયાલ ગામે ‘ઓલ ઈન્ડિયા સ્પિનર એસોસીએસન’ અને વડોદરા રાજ્ય સરકારના સયુંક્ત ઉપક્રમે કાંતણ વર્ગો ખોલવામાં આવ્યા હતા. જેમાં ૨,૦૩૪ સ્ક્વેર યાર્ડ ૧,૨૫૦ની કિંમતનું કાપડ તૈયાર કરાયું હતું. જેમાં ૫૬ કાંતનારાઓએ ભાગ લીધો હતો, જેમાં કેટલાક વણકર પણ હતા તેઓએ રૂ. ૨૫૫-૯-૦ નું વેતન મેળવ્યું હતું. વણાટની સાથે જોડાયેલા કેટલાક અગત્યના ઉદ્યોગોને પણ મહત્વ આપાયું હતું કેમકે બજાર માથી તૈયાર સુતર લેવું મોઘું પડે અને તેની ગુણવત્તા પણ સારી નાહોય તેથી જાતેજ કાંતેલું સુતર હોય તો કાપડ પણ સારૂં બને આ ઉદ્દેશથી આ નવા વર્ગો શરૂ કરાયા હશે. બીજું કે જે લોકો વણાટ નથી શીખી શકતા અને રોજગારી વગર ઘરે બેસી રહ્યા હોય તેવા લોકોને રોજગારી આપવાનો ઉમદા હેતુ પણ અહી વડોદરા સરકાર દ્વારા સિદ્ધ થયેલો જોઈ શકાય છે.[xvi]

**૧૯૩૧ -૩૨ ના વર્ષમાં ગાયકવાડ સરકાર દ્વારા શરૂ કરાયેલા નવા વર્ગો આ મુજબ છે**

| | સ્થળનું નામ | વણાટ વર્ગોનો સમયગાળો |
|---|---|---|
| ૧ | વડોદરા | ૦૧/૦૮/૧૯૩૧ થી ૧૨/૦૩/૧૯૩૨ |
| ૨ | વાંકલ | ૧૩/૦૩/૧૯૩૨ થી ૩૧/૦૭/૧૯૩૨ |
| ૩ | વસો | ૦૧/૦૮/૧૯૩૧ થી ૨૧/૦૨/૧૯૩૨ |
| ૪ | વડોદરા | ૨૫/૦૨/૧૯૩૨ થી ૩૧/૦૭/૧૯૩૨ |
| ૫ | ગણદેવી | ૦૧/૦૮/૧૯૩૧ થી ૧૪/૦૬/૧૯૩૨ |
| ૬ | સોનવાડી | ૧૫/૦૬/૧૯૩૨ થી ૩૧/૦૭/૧૯૩૨ |
| ૭ | લણવા | ૦૪/૦૪/૧૯૩૨ થી ૩૧/૦૭/૧૯૩૨ |
| ૮ | નાના મચીયાલા | ૦૧/૦૮/૧૯૩૧ થી ૧૬/૧૧/૧૯૩૧ |
| ૯ | સરમભાડા | ૧૭/૧૧/૧૯૩૧ થી ૨૮/૦૪/૧૯૩૨ |
| ૧૦ | અમરેલી | ૨૯/૦૪/૧૯૩૨ થી ૩૧/૦૭/૧૯૩૨ [xvii] |

Source: Baroda Administrative Report 1931-32 pp 155 1931-32 pp 154

ઉપરોક્ત જણાવેલ સ્થળોએ વડોદરા સરકાર દ્વારા વણાટ અને કાંતણના વર્ગોની શરૂઆત કરાઇ હતી, જોકે આગળના વર્ષોમાં અહિયાં વર્ગો ચાલતા હતા પણ તે સ્થળોના નવા ગામોમાં નવા વર્ગો શરૂ કરાયા હતા. જેમાં ૭૮ નવી લૂમ્સ શરૂ કરાઇ હતી અને ૫૩ નવી લૂમ્સ ત્યાના વણકરો ને હપ્તા પદ્ધતિથી નાણાં ભરવાની સુવિધા સાથે આપવામાં આવી હતી. ઉપરોક્ત સ્થળોએ પાવર લૂમ્સની તાલીમ પણ આપવામાં આવી હતી. નવી લૂમ્સ માટે અહીના વણકરો દ્વારા આ વર્ષે ૨૮ જેટલી નવી અરજીઓ

કરવામાં આવી હતી. વડોદરામાં આ વર્ષે પાવર લૂમ્સ પર સુતરાઉ અને સિલ્ક કાપડ વણવાની તાલીમ પણ આપવામાં આવી હતી જેના ફળસ્વરૂપે એક પ્રાઈવેટ પાવર લૂમ્સ ફેક્ટરીની સ્થાપના વડોદરામાં કરવામાં આવી હતી. આ ઉપરાંત વણાટ વર્ગોની જેમ કાંતણના વર્ગો ૧૯૩૧-૩૨ માં શરૂ કરવામાં આવ્યા હતા જે નીચે મુજબ છે.

| સ્થળનું નામ | | કાંતણ વર્ગોનો સમયગાળો |
|---|---|---|
| ૧ | ધીનોજ | ૦૩/૦૮/૧૯૩૧ થી ૧૮/૦૯/૧૯૩૧ |
| ૨ | પલાસર | ૧૯/૦૯/૧૯૩૧ થી ૧૨/૦૨/૧૯૩૨ |
| ૩ | લણવા | ૧૨/૦૨/૧૯૩૨ થી ૦૬/૦૭/૧૯૩૨ |
| ૪ | પીપળ | ૦૭/૦૭/૧૯૩૨ થી ૩૧/૦૭/૧૯૩૨ |
| ૫ | લડોલ | ૦૫/૦૮/૧૯૩૧ થી ૨૦/૧૧/૧૯૩૧ |
| ૬ | વસઇ – ડભાલા | ૨૧/૧૧/૧૯૩૧ થી ૨૯/૦૨/૧૯૩૨ |
| ૭ | લાંઘણજ | ૧૮/૦૫/૧૯૩૨ થી ૩૦/૦૬/૧૯૩૨ |
| ૮ | કડી | ૦૧/૦૭/૧૯૩૨ થી ૩૧/૦૭/૧૯૩૨ [xviii] |

Source: Baroda Administrative Report 1931-32 pp 155 1931-32 pp 155

ઉપરોક્ત સ્થળોએ ચાલતા વર્ગો માટે ગાયકવાડ સરકાર પોતાની તિજોરી માથી ખર્ચ કરતી હતી અને કેટલાક વણકર કારીગરોને પણ વગર વ્યાજની લોન સરકાર આપતી હતી. આ રકમની ભરપાઈ તેઓએ માસિક હપ્તા દ્વારા કરવાની રહેતી. સયાજીરાવે શરૂ કરેલ પ્રદર્શનો અને તાલીમ વર્ગોમાં ઉત્પાદિત માલનું વેચાણ કરવા માટે " સ્વદેશી બજારો" શરૂ કર્યા હતા. જેમાં વણકરો અને અન્ય તાલીમાર્થીઓ પોતાનો માલ વેચાણ અર્થે આપતા અને પોતે પણ તેઓ આ બજારમાં વેચાણ કરતાં હતા.

## અન્ત્યજોદ્ધારક રાજવી

સયાજીરાવના પછાત જાતિઓના ઉત્કર્ષ માટેના કાર્યોથી તેઓ જગતભરમાં પ્રસિદ્ધિ પામ્યા છે. પ્રજાવત્સલ વડોદરા નરેશ મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજાને અંત્યજોદ્ધારક પ્રવૃતિના અગ્રદૂત તરીકે ઓળખાવીએ તો તેમાં સહેજ પણ અતિશયોક્તિ નથી. અસ્પૃશ્યતા જેવા નીંદનીય પ્રશ્નને મહારાજાએ પોતાના સુધારક કાર્યોમાં અગ્રિમતા આપીને વડોદરા રાજ્યને પ્રગતિશીલ રાજ્યના નિર્માણ કાર્યમાં મહત્વની ભૂમિકા અદા કરી છે. મહાત્મા ગાંધીજી અને ડો.બાબા સાહેબ આંબેડકરે અંત્યજોદ્ધાર

પ્રવૃતિઓ હાથ પર લીધી તે પહેલા મહારાજાએ તેમના રાજયમાં અનેક ક્રાંતિકારી પગલાં વડોદરા રાજયમાં અમલી બનાવી ચૂક્યા હતા અને તે પણ પ્રજાના સખત વિરોધનો સામનો કરીને. સયાજીરાવે જે સમાજોપયોગી સેવાના ઉત્તમ કાર્યો કર્યા છે. તેમાં એમની અંત્યજોદ્ધારક પ્રવૃતિએ તેમને વિશ્વમાં પ્રથમ પંક્તિના પ્રગતિશિલ રાજવી તરીકેનું સ્થાન અપાવ્યું છે.[xix] હિન્દુ સમાજને ટકોર કરતાં પોતાના એક વ્યાખ્યાનમાં તેમણે ૧૮/૧૦/૧૯૦૩ માં કહ્યું હતું કે *"હું વારવાર સાંભડું છું કે દક્ષિણ આફ્રિકામાં હિંદીઓને માટે ત્યાની સરકારે અમુક રહેવાના સ્થળો નક્કી કર્યા છે. અને જ્યાં ગોરા લોકો રહે છે તે જગ્યાએ જવા માટે તેમને મનાઈ કરવામાં આવી છે. તેથી હિંદીઓ ફરિયાદ કરે છે. તો થોડું આત્મપરીક્ષણ કરો. જો તમને લાગતું હોય કે તમારા દેશબંધુઓને દક્ષિણ આફ્રિકામાં અમુક સાચી હાડમારીઓ ભોગવવી પડે છે તો તેમનેજ જોઈએ કે કહેવાતા પછાત વર્ગોના લોકો સાથે ધિક્કાર ભરેલી વર્તણૂક ચલાવવામાં તમે માણસાઈ અને સહાનુંભૂતિનું દેવાળું કાઢ્યું છે કમકમાટી ઉપજાવે તેવા વર્ણના લોકોની જુલ્મ જહાંગીરી સામે હું બળવાનો પોકાર કરવાની પહેલી તક લઇશ"* મહારાજા સયાજીરાવની આ ઉમદા ભાવના દલિતો માટે ઉત્સાહ વર્ધક હતી. તેમણે ગુજરાતમાં સૌથી પહેલી અંત્યજ નિશાળો પોતાના રાજયમાં શરૂ કરાવી હતી. ઇ.સ.૧૮૮૨ માં તેમણે આ કામની શરૂઆત કરાવી હતી જોકે તે ઘણુજ મુશ્કેલ કામ હતું. મહારાજા સયાજીરાવે અખતરા ખાતર ઇ.સ. ૧૮૮૨માં પહેલી અંત્યજ શાળા વડોદરામાં શરૂ કરી હતી. જેમાં ૨૮ જેટલા વિદ્યાર્થીઓ ભણતા હતા. ત્યારબાદ ૧૮૮૩માં પાટણ, વડનગર, વિસનગર, અને ખેડા જિલ્લાના વસો ગામમાં શાળાઓ સ્થાપી હતી. તે આગડ જતાં ૧૯૧૪-૧૫ માં કુમારોની ૨૯૮ શાળાઓમાં ૧૧૯૪૦ અને કન્યાઓની ૦૫ શાળાઓમાં ૩૫૫ કન્યાઓ મળીને કુલ ૧૨૨૯૫ અંત્યજ બાળકો શિક્ષણ લેતા થયા હતા. અંત્યજોને ભણાવવા માટે કોઈ બ્રાહ્મણ શિક્ષકો તૈયાર ન થતાં એ  કામ માટે મહારાજાએ મુસ્લિમ અને ખ્રિસ્તી શિક્ષકોને રોક્યા હતા. ઘણે ઠેકાણે આર્ય સમાજી શિક્ષકો ભણાવતા હતા. ઇ.સ.૧૯૦૯ સુધીમાં તો વડોદરા રાજયમાં ૩૩૬ જેટલી અંત્યજ શાળાઓ શરૂ કરી દેવામાં આવી હતી અને તેમાં લગભગ ૧૦.૦૦૦ જેટલા અંત્યજ બાળકો શિક્ષણ મેળવતા હતા.[xx] અંત્યજ બાળકોને ઊંચું શિક્ષણ મળે તે માટે તેમણે ઇ.સ. ૧૮૯૧-૯૨ ના વર્ષમાં વડોદરા, પાટણ, અને નવસારીમાં છાત્રાલયો ખોલ્યા હતા. તેમાં વિધ્યાર્થીઓને રહેવા જમવાની વિનામૂલ્યે સગવડ અપાતી હતી. એ ઉપરાંત તેઓને કપડાં, પુસ્તકો, વગેરે પણ વિનામૂલ્યે આપવામાં આવતા હતા. શાળાઓના સંચાલન માટે આર્ય સમાજી નેતા અને સમાજ સુધારક એવા આત્મારામ અમૃતસરીને પંજાબથી તેડાવ્યા હતા, તેઓને અંત્યજ શાળાઓના સુપ્રિટેંડેંટ બનાવ્યા હતા.[xxi] આ ઉપરાંત આખા હિંદુસ્તાનમાં એક મિશાલના રૂપે ગણી શકાય તેવું કામ તો ૧૯૧૩ માં વડોદરા ધારાસભામાં એક અંત્યજ પ્રતિનિધિની નિમણૂક હતી, જેમાં અસ્પૃશ્ય ગણાતી જાતિઓનું પ્રતિનિધિત્વ થાય તે માટે સયાજીરાવે આ કામ કર્યું હતું, જે બાકીના દેશી રાજ્યો માટે એક પડકાર સમાન બની રહ્યું હતું.[xxii]

**વણાટ તાલીમ વર્ગો દર્શાવતુ કોષ્ટક**

| વર્ષ | વર્ગો રાખવામા આવ્યા તે મથકોની સંખ્યા | વર્ગોમાં જોડાનાર તાલીમાર્થીઓની સંખ્યા | ખર્ચની રકમ | વિશેષ હકીકત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧૯૩૫-૩૬ | ૭ | ૪૦૯ | ૬,૮૮૩-૧૦-૧૦ | આ ખર્ચમાં કાંતણ વર્ગોના ખર્ચનો સમાવેશ થાય છે.[xxiii] |
| ૧૯૩૪-૩૫ | ૮ | ૧૧૯ | ૫,૫૫૪-૧-૩ | |
| ૧૯૩૩-૩૪ | ૧૧ | ૩૧૩ | ૬,૬૫૭-૧-૮ | |

રાજ્યના જુદા જુદા મથકોએ ગાયકવાડ સરકાર દ્વારા તેમના રાજયમાં અનેક ઠેકાણે વણાટ અને કાંતણ વર્ગો ચલાવવામાં આવ્યા હતા તેમાં ૧૯૩૩ થી ૧૯૩૬ સુંધિમાં પણ આવા વર્ગો ચાલતા હતા તેની જાણકારી ઉપરના કોષ્ટક પરથી મળે છે. અને તેમાં કયા વર્ષે કેટલો ખર્ચ કરવામાં આવ્યો હતો તેની પણ વિગત મળે છે. આ વર્ગોમાં વણકર ઉપરાંત ગામના ખેડૂતોને જોતર,ગોફણ,નવારપાટી, આસનિયા અને એવી બીજી નવરાશના સમયમાં તૈયાર કરી શકાય અને તેમને ઉપયોગી થઈ પડે તેવી નિત્ય વપરાશની વસ્તુઓ તૈયાર કરવાનું કામ શીખવાડવામાં આવતું હતું.

**૩ પીંજવા અને કાંતણના વર્ગો દર્શાવતુ કોષ્ટક**

| વર્ષ | વર્ગો રાખવામા આવ્યા તે મથકોની સંખ્યા | વર્ગોમાં જોડાનાર તાલીમાર્થીઓની સંખ્યા | વિશેષ હકીકત |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧૯૩૫-૩૬ | ૬ | ૧૬૪ | કાંતણ વર્ગો પાછળ થયેલ ખર્ચનો સમાવેશ વણાટ વર્ગોના ખર્ચની રકમમાં આવી જાય છે.[xxiv] |
| ૧૯૩૪-૩૫ | ૧૨ | ૧૦૩ | |
| ૧૯૩૩-૩૪ | ૮ | ૧૦૪ | |

આમ ગાયકવાડ સરકારે વણાટની સાથે સાથે તેની સાથે સંકળાયેલા વ્યવસાયોને પણ મજબૂત કરવા માટે અનેક પ્રયાસો કરેલા જોઈ શકાય છે. આ એક મહત્વનો અને મૂળભૂત કહી શકાય તેવું પાયાનું કામ હતું કેમકે ગાંધીજીએ જ્યારે આશ્રમમાં વણાટ કામની શરૂઆત કરી અને તેઓને મિલનું સુતર વાપરવું પડતું હતું, પણ સયાજીરાવે ગાંધીજી પહેલાજ આ કામ કરી દીધું કે સંપૂર્ણ સ્વદેશી કાપડ જો બનાવવું હશે તો રૂ પીંજવું અને કાંતવું એ ઉદ્યોગને સજીવન કરવો પડશે. માટે સાયાજીરાવ ગાયકવાડ આ બાબતે લાંબી દ્રષ્ટિ વાળા માલૂમ પડે છે. આ સાથે અખિલ ભારતીય ચરખા સંઘને પણ સયાજીરાવ ગાયકવાડ તરફથી કાંતણ, વણાટના તાલીમ વર્ગો શરૂ કરવા માટે અનુદાન મળતું હતું. જેમાં વર્ષ ૧૯૩૫-૩૬ રૂ. ૪૭૨-૧૨-૦૦ વર્ષ ૧૯૩૪-૩૫ માં રૂ. ૪૮૧-૧-૦૦ અને વર્ષ ૧૯૩૩-૩૪માં રૂ. ૪૯૬-૪-૯ પૈસા ની મદદ કરેલી જોવા મળે છે અને આ ઉપરાંત પણ અન્ય વર્ષોમાં સયાજીરાવ ગાયકવાડ તરફથી ઘણી મદદ કરવામાં આવતી હતી.[xxv] અમરેલીમાં શરૂ કરાયેલ તાલીમ વર્ગોના પરિણામે ત્યાના અંત્યજ વણકરો ફરીથી વણતા થયા હતા, જેમાં તેઓ ઉનના ધાબળા, તથા કામળા ઉત્તમ જાતના બનાવતા હતા જે ‘દેશી વણાટ’ તરીકે વખણાતું હતું. અમરેલી, ધારી, કોડીનાર, ભીમકટા વગેરે સ્થળોની ઊનની પેદાશ ખુબજ વખણાતી હતી. પરંતુ તેનું સ્થાનિક બજાર કાઇ નહતું તે કાચી સ્થિતિ માંજ મુંબઈ થઈ વિદેશોમાં મોકલી દેવાતી હતી. તેને વધુ પ્રોત્સાહન આપવા માટે ગાયકવાળે ત્યાં વર્ગો શરૂ કર્યા હતા. અને તેનું સારું પરિણામ પણ મળ્યું હતું. આ ઉપરાંત ત્યાના વાંઝા વણકરો ઊંચા પ્રકારનું કાપડ વણતા હતા તેઓમાં ઘણા કુશળ કારીગરો હતા પણ મિલોમાં બનેલા કાપડની હરીફાઈમાં તેમનો ધંધો પડી ભાંગ્યો હતો. તેમ છતાં તેઓના બનાવેલા ઝીણી અને ઉત્તમ પ્રકારની પછેડીઓ, ખેસ અને ચોફાળ વખણાતા હતા. સયાજીરાવે આ વણકરોને સુધારેલી ઢબની સાળો આપી હતી જેના દ્વારા આ કારીગરો ઓછા સમયમાં પણ વધુ અને સારી ગુણવત્તા વાળું કાપડ વણી શકતા હતા.[xxvi] સયાજીરાવના સાશન સમયે તેમના તાબામાનું કડી પ્રાંત પણ વણાટ ઉદ્યોગ માટે ઘણું પ્રખ્યાત હતું તેમાં વધારે પાટણમાં ખત્રિ વણકરો દ્વારા બનાવાતા પટોળાં ખુબજ ખ્યાતિ પામ્યા હતા. પાટણમાં સાળવી, ખત્રિ અને અંત્યજ વણકરોના મળી લગભગ ૭૦૦ જેટલા ઘરો ૧૯૨૦ માં હતા. અને ત્યારે બધાની મળી લગભગ ૧૦૦૦ ઉપર સાળો ત્યારે પાટણમાં ચાલતી હતી. આ ઉપરાંત વિસનગર, વડનગર, કલોલ, વિજાપુર, અને દહેગામ વગેરે સ્થળોએ અને આસપાસના ગામોમાં અંત્યજ વણકરોની ઘણી મોટી વસ્તી હતી. અંત્યજ વણકરો મોટેભાગે ખાદી, પછેડીઓ,અને જાડા ધોતિયા વણતા હતા. થોડા પ્રમાણમાં ઉનનું પણ વણાટ ચાલતું હતું, પરંતુ તે કાચી સ્થિતિમાજ પરદેશોમાં મોકલી દેવામાં આવતું હતું. પાટણવાડાના વણકરો ઉનના ધાબળા વણતા હતા તેનો સ્થાનિક વપરાશ પણ થતો હતો.[xxvii] પાટણના પટોડા જગ વિખ્યાત છે અને તેનો વપરાશ હજુ પણ થાય છે. પ્રાચીન કાળમાં અનેક જ્ઞાતિઓમાં લગ્ન જેવા પવિત્ર કાર્ય પ્રસંગે

પટોળાં વિના ચાલતું નહીં. આજે માત્ર અમુક જ્ઞાતિઓમાજ પટોળાનો ઉપયોગ લગ્નોમાં થાય છે. વિદેશી લોકો તેનો વપરાશ બારીના પડદા અને ટેબલ ક્લોથ તરીકે કરે છે અને પોતાના ઘરને શોભાવે છે. પટોળાનો વણાટ અટપટો છે અને તે જાણીતા વણકરથીજ વણી શકાય છે. તાણા અને વાણાને પટોળામાં જે ભાત પાડવાની હોય તેવી બાંધણી બાંધી રંગ આપી પછી સાળ ઉપર ચઢાવીને ચિત્રના જુદા જુદા રંગો એક સાથે મળી જાય એવી રીતે એક પડવાળુજ કપડું વણવામાં આવે છે. આ વણાટ માત્ર હાથથીજ થઈ શકે એવું છે યાંત્રિક સાળો તેમાં કામ લાગે એમ નથી. તેથી વિદેશી કારીગરો પણ એ કારીગરોના ભરપેટ વખાણ કરે છે. હાલમાં માત્ર બે ત્રણ વણકરજ પટોળાનું કામ કરે છે. ઉતેજનના અભાવે અને ભારે મહેનત અને ઓછું મહેનતાણાના કારણે અન્ય વણકરો આ ઉદ્યોગ અપનાવતા નથી. આ સિવાય પાટણના વણકરો રેશમી ગજિયાણી, અતલસ, મશરૂ, સોળા, પીતાંબર, મુગટા, વગેરે વણીને તેઓ અમદાવાદ અને સુરતના વહેપારીઓને વેચતા હતા. કેટલાક વણકરો વહેપારી પાસેથી કાચો માલ લઈ તેઓને વણી આપવાનું કામ કરતાં હતા અને બદલામાં મજૂરી લઈ લેતા હતા. આજ માલ સુરતમાં સુરતી અતલસના નામે વેચાતું હતું. મુસલમાન વણકરો રેશમી કાપડ ઉપરાંત સુતરાઉ ઘાઘરાપાટ વગેરે વણતા હતા. વડોદરા રાજ્યમાં બીજા કોઈ સ્થળ કરતાં પાટણમાં અંત્યજ વણકરોની વસ્તી વધારે છે અને એમાના ઘણા વણકરોને રાજ્ય તરફથી સુધારેલી ઢબની સાળ (ફ્લાય શટલ લૂમ) આપવામાં આવી હતી. ૧૯૨૦માં કડી પ્રાંતના અંત્યજ વણકરોમાં ૧૬૪ સુધારેલી ઢબની સાળો આપવામાં આવી હતી. અને કલોલ તેમજ વિસનગરમાં વણાટનું કારખાનું શરૂ કરવામાં આવ્યું હતું.[xxviii]

## ઉપસંહાર

સયાજીરાવ ગાયકવાડ દ્વારા શરૂ કરાયેલા નવા ‘ સ્કિલ ડેવલોપમેન્ટ પ્રોગ્રામથી’ તે સમયના વણકરોને ભરપૂર ફાયદો થયો હતો. જે આ યોજનાની સફળતા સૂચવે છે. વણકરો દ્વારા અપનાવાયેલ નવી લૂમ્સથી તેઓ મોટા ભાગે સાડી, ધોતી, દુપટ્ટા, પટોડા, અને રંગબેરંગી કાપડો તૈયાર કરતા હતા. જેની સ્થાનિક બજારોમાં સારી માંગ હતી. ગાયકવાડ દ્વારા શરૂ કરાયેલું આ પ્રદર્શન તેમના અવસાન સુધી ચાલતું રહ્યું હતું, અને ત્યારબાદ મહાત્મા ગાંધીના હિન્દછોડો આંદોલનથી અને સ્વદેશીના નારાથી ગુજરાતી અને ભારતના અન્ય રાજ્યોમાં સ્વદેશી કાપડની માંગમાં નોધપાત્ર વધારો જોવા મળે છે. પણ આ બધું કઈ વધારે સમય માટે ના હતું કેમકે આઝાદી મળ્યા બાદ તરતજ ગાંધીજીની હત્યાથી હવે સ્વદેશી માટે લડનાર અને ખાદીને સ્વીકારનાર માત્ર રાજકારણીઓ સિવાય કોઈ રહ્યું ન હતું. અને આઝાદી મળ્યા બાદ ભારત પોતે એશિયાનું માનચેસ્ટર ગણાતું હોવાથી અહિયાં પણ મિલના કાપડોની માંગ ખૂબ વધુ હતી કેમકે તે ટકાઉ અને વૈવિધ્યસભર ડિઝાઈનોવાળા હોવાથી ખાદી કે સુતારાઉ ગૃહ ઉદ્યોગનું કાપડ તેમની સામે ટકી શક્યું નહીં. અને અંતે ગુજરાતનાં મોટાભાગના વણકરોએ પોતાનો પરંપરાગત વ્યવસાય છોડીને અન્ય રોજગારીમાં જોડાવા માટે મજબૂર બન્યા હતા.